# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે, ધોરણ-૧૦ અને સંસ્કૃત પ્રથમાનું જૂન-જુલાઇ(પૂરક)-૨૦૨૪ પરીક્ષાનું પરિણામ તા.૨૯/૦૭/૨૦૨૪ ના રોજ જાહેર થયેલ છે. જે ઉમેદવારો ગુણચકાસણીની અરજી કરવા ઇચ્છતા હોય તેઓ બોર્ડની વેબસાઇટ **www.gseb.org** અથવા **ssc.gseb.org** પર તા. ૦૧/૦૮/૨૦૨૪ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકથી તા.૦૭/૦૮/૨૦૨૪ ના રોજ સાંજના ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઇન રજીસ્ટ્રેશન કરી અરજી કરી શકશે. ગુણચકાસણીની અરજીઓ ફકત ઓનલાઇન માધ્યમથી જ સ્વીકારવામાં આવશે.

ગુણચકાસણીની અરજીની નિયત ફી ઓનલાઇન SBI ePay System મારફતે (Credit Card, Debit Card, Net Banking દ્વારા) અથવા SBI ePay ના SBI Branch Payment" ઓપ્શન દ્વારા દેશની કોઇપણ SBI Branch માં ભરી શકાશે. જેની આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવા જણાવવામાં આવે છે.

તારીખ:-૦૧/૦૮/૨૦૨૪
સ્થળ :- ગાંધીનગર

નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર